## ૩ **અશુદ્ધ વસતિ વગેરે અન્ય અસજ્ઝાય**

૧) ગંધર્વપુર (બળતાં નગર જેવો દેખાવ) દિગ્દાહ (દિશા બળતી હોય તેવો દેખાવ ઉપર પ્રકાશ નીચે અંધકાર) ઉલ્કાપાત (પ્રકાશયુક્ત સળંગ રેખા અથવા તણખા જેવી રેખા) અજ્ઞાત સંધ્યાછેદ (સુદ ૧/૨/૩ ની સાંજે) યક્ષાદિપ્ત (એક દિશામાં આંતરે વિજળી જેવો પ્રકાશ) આ બધામાં અસજ્ઝાય ૧ પ્રહર.

૨) આર્દ્રા લાગેથી વિશાખા લાગતા પૂર્વે વૃષ્ટિ, ગર્જના, વિજળી આદિ થાય તેની અસજ્ઝાય નહિ. આર્દ્રા નક્ષત્ર બેઠા પહેલાં અસજ્ઝાય ગણાય. આમાં વૃષ્ટિ તથા ગર્જનાની બે પ્રહર તથા વિજળીની એક પ્રહર (૨૨ જુનથી પ્રાયઃ કારતક ચૌમાસી સુધી અસજ્ઝાય નહિ.)

૩) ધુમ્મસ, અરણ્યવાતથી ઉડતી સચિત્તરજ, પાષાણવૃષ્ટિ, કેશવૃષ્ટિ જ્યાં સુધી પડે ત્યાં સુધી અસજ્ઝાય, મહાકલહ, મ્લેચ્છાદિ ભય, નજીકમાં સ્ત્રીપુરુષનું યુદ્ધ, ધુળેટી પર્વ, ગાઢ આગ વગેરે શાંત ન થાય ત્યાં સુધી અસજ્ઝાય, દંડિક (= રાજા) મરણે બીજો બેસે નહિ ત્યાં સુધી અસજ્ઝાય.

૪) ધુમ્મસ સંયમઘાતી હોઇ ઉન્મેષ-નિમેષ અને શ્વાસોશ્વાસ સિવાય બીજી ક્રિયા ન થાય. બારણા બંધ રાખી કામળી ઓઢીને બેસી રહેવું જોઇએ.
ધુમ્મસ આકાશમાંથી કાળું વાદળ ફાટવાથી થાય છે. સફેદ રંગનો વાયુ ચારે બાજુ ફેલાતો હોય તેવું દેખાય છે. એક દિશામાં હોય ને બીજી દિશામાં ન હોય તેવું પ્રાયઃ બનતું નથી. ધુમ્મસ થોડું પણ ઉપાશ્રયમાં પ્રવેશે તે પૂર્વે બારી-બારણાં-વેન્ટીલેશન વગેરે બરાબર પેક કર્યા હોય ને અંદર જરા પણ ધુમ્મસ ન હોય તો પડિલેહણ-સ્વાધ્યાયાદિ કરવામાં હરકત નથી. આ ધુમ્મસ થવાની શક્યતા મહા મહિના સુધી વધુ હોય છે. પરંતુ ત્યાર બાદ ન જ થાય તેવું નથી.. તેથી ત્યાર બાદ થનારા ધુમ્મસમાં પણ અપ્કાયની વિરાધનાથી બચવું જોઇએ. ધૂમાડાને ધુમ્મસ માની લેવું નહિ.

૫) ધડહડ = ભૂમિકંપ, માંસ અને રૂધિર વૃષ્ટિએ ૧ અહોરાત્ર, ગામનો ભોજિક આદિ મરે, તથા આપણી વસતિથી સાત ઘર સુધીમાં કોઇ મરે તો અહોરાત્ર અસજ્ઝાય.
(બકરી ઈદની અસજ્ઝાય એક અહોરાત્ર = બીજા દિવસના સૂર્યોદય સુધીની સમજવી)

૬) દર વર્ષે ચૈત્ર સુદ ૧૧-૧૨-૧૩; ૧૨-૧૩-૧૪; અથવા ૧૩-૧૪-૧૫ ના દિવસોએ સાંજના પ્રતિક્રમણ બાદ સંથારા પોરિસી ભણાવ્યા પહેલાં ખમા૦દઇ **इच्छा०संदि०मग०अचित्तरज ओहडावणीयं काउ० करुं? इच्छं. अचित्तरज ओहडावणीयं करेमि काउ०अन्नत्थ०**(૪ લોગસ્સ૦સાગરવરગંભીરા સુધી)કાઉ૦કરી પ્રગટ લોગ્ગસ કહી પછી ખમા૦દઇ અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડં કહેવું. આ પ્રમાણે કાઉસ્સગ્ગ ન કર્યો હોય તો ૧૨ માસ સુધી તેને માટે અસ્વાધ્યાય, યોગ કરી-કરાવી ન શકે, દશવૈકાલિક, કલ્પસૂત્રાદિ સૂત્રો-આગમગ્રંથો ન વંચાય. ચોમાસું કરી શકાય.

૭) **जत्थ सज्झायं करेंतेहिं सोणिय वच्चिगा दीसंति तत्थ न करेंति सज्झायं, कडगं चिलिमिलिं वा अंतरे दातुं करेंति, जत्थ पुण सज्झायं चेव करेंताण मुत्त-पुरीस-कलेवरादीयाण गंधे अण्णंमि वा असुभगंधे आगच्छंते तत्थ सज्झायं न करेंति अण्णंपि बंधसेहणादिआलोयं परिहरेज्जा एयं सव्वं निव्वाघाए काले भणियं** ૧) આપણી વસતિ અશુદ્ધ હોય તે ચાલે નહિ... શુદ્ધિ બને તેટલી વહેલી થાય તે જરૂરી છે. જ્યાં સ્વાધ્યાય કરતા હોઇએ ત્યાં લોહીનાં ટીપાં દેખાય કે અશુભ દુર્ગંધ આવતી હોય તો સ્વાધ્યાય ન કરાય અથવા વચ્ચે પડદો કરીને કરાય. (આધાર શ્રી આવ. નિર્યુક્તિ હરિ. ટીકા ૧૪૦૧)

૮) મનુષ્યનું મૃતક ૧૦૦ હાથની અંદર તથા તિર્યંચનું મૃતક ૬૦ હાથ સુધીમાં હોય ત્યાં સુધી અસજ્ઝાય.

૯) પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય મૃતકની અસજ્ઝાય. એક રાજમાર્ગે (જ્યાં બન્ને બાજુ થઇને વાહનો જતાં આવતાં હોય તે) અંતરિત હોય એટલે રાજ માર્ગની સામેની બાજુ હોય અથવા ત્રણ નાની શેરીથી અંતરિત હોય, અથવા સીમાડા બહાર હોય તો ૬૦ કે ૧૦૦ હાથની અંદર હોવા છતાં પણ અસજ્ઝાય લાગતી નથી.

૧૦) તિર્યંચનું લોહી, માંસ, ચામ, હાડકાં ૬૦ હાથ સુધીમાં હોય તો પડયા પછી ત્રણ પહોર સુધી અસજ્ઝાય. પણ જ્યાં લોહી પડયું હોય તે સ્થાન ધોઇને સાફ કરી પાણી ૬૦ હાથની બહાર પરઠવે તો અસજ્ઝાય નહિ.

૧૧) બિલાડી જીવતો ઉંદર લઇ જાય તેની અસજ્ઝાય નહિ. પણ રૂધિર પડતો લઇ જાય તો અસજ્ઝાય. હિંસક પશુના વમનની અસજ્ઝાય નહિ.

૧૨) ઈંડું ભાંગ્યું હોય, સ્ત્રી તિર્યંચની પ્રસૂતિ થઇ હોય કે તેની જરા પડી હોય તો ત્રણ પ્રહર અસજ્ઝાય.
પ્ર૦ - ઈંડા મૂકે તેની અસજ્ઝાય ગણાય?
ઉ૦ - ઈંડા મૂકે તેની અસજ્ઝાય જાણી નથી. ફૂટે તેની અસજ્ઝાય છે. કોચલા પડયા હોય તો અસજ્ઝાય ન ગણવી. ઈંડુ સેવાઇને પાકી ગયા પછી ફૂટીને બચ્ચા થાય તેની અસજ્ઝાય નથી. પંચેન્દ્રિય તિર્યંચનું ક્લેવર કંપાઉન્ડથી ૬૦ હાથ દૂર હોય પરંતુ તેની દુર્ગંધ આવતી હોય અથવા દેખાતું હોય તો અસજ્ઝાય અવશ્ય લાગે.

૧૩) મનુષ્યનું લોહી માખીનો પગ ડુબે જેટલું પણ ભૂમિએ અથવા વસ્ત્ર ઉપર પડેલું હોય તો અહોરાત્રિ અસજ્ઝાય, આ અસજ્ઝાય બીજા દિવસના સૂર્યોદયે પૂરી થઇ જાય એટલે પ્રભાતમાં પડેલું પણ સૂર્યોદયે શુદ્ધ થાય.

૧૪) સામાન્ય ઘા પડયો હોય તો ચૂનો દાબી દેવો. તેથી અસજ્ઝાય ન થાય. લોહી ચાલુ હોય તો બંધ થવા માટે બીજા ઉપચાર કરવા. પાટામાં લોહી હોય તો શક્યતાએ ન ચાલવા દેવું. છતાં વિશેષ ઇજા હોય ને પાટો બાંધેલો હોય, તો અપવાદિક ચાલે. પણ પાટો ખોલ્યા પછી તરત સાફ કરવું કે દૂર કરવું.

૧૫) સ્વાભાવિક ઉખડેલી કે ઉખડી જાય તેવી પાકી ચામડીની અસજ્ઝાય ન ગણાય. નિર્જીવ નખની અસજ્ઝાય થતી નથી પણ નખ કાપતા જીવતો નખ કે ચામડી કપાય તો અસજ્ઝાય થાય છે. માટે કાપનારે કાળજી રાખવી. ગુમડાં, ઘા આદિમાંથી પરૂ-લોહી રસી કે રસીમિશ્રિત લોહી નીકળે તો વસતિ અશુદ્ધ ન ગણાય. છતા કપડું બગડયું હોય તો સાફ કરાવવું. પાણી ૧૦૦ ડગલા બહાર અથવા સામેની બાજુ પરઠાવવું. માત્ર ચોક્ખુ લોહી નીકળે તો વસતિ અશુદ્ધ ગણાય છે.

૧૬) સુવાવડ આવી હોય તો જો પુત્ર જન્મે તો સાત દિવસ અસજ્ઝાય, આઠમે દિવસે સ્વાધ્યાય કરી શકાય. પુત્રી જન્મી હોય તો (રૂધિર વધુ હોવાથી) આઠ દિવસ અસજ્ઝાય નવમે દિવસે સ્વાધ્યાય કરવો કલ્પે. પણ જે ગૃહસ્થો નિત્ય દૈવસિક-પાક્ષિક આવશ્યક કરતા હોય તેઓ સ્વચ્છ થઇ શુદ્ધ વસ્ત્ર પહેરીને અડાઅડી ન થાય તે રીતે એકલા આવશ્યક કરી શકે છે. (માતા સિવાય) (આવશ્યક=સામાયિક/પ્રતિક્રમણ)

૧૭) મનુષ્યનું હાડકું સો હાથની અંદર (જમીનમાં) પડયું હોય તો બાર વરસ સુધી અસજ્ઝાય થાય. જ્યારે દાંત પડયો હોય તો સો હાથની બહાર કર્યા પછી સ્વાધ્યાય કરવો કલ્પે. દાંત પડયો હોય, શોધવા છતાં ન દેખાય તો અસજ્ઝાય નથી. 'દંત ઓહડાવણાર્થં કાઉસ્સગ્ગ કર્યા પછી સ્વાધ્યાય કરી શકાય.' જો હાડકાં વગેરે અગ્નિથી બળી જાય તો અસજ્ઝાય નથી.

૧૮) લોચ ચાલુ હોય ત્યાં સુધી અને ત્યારબાદ કેશ વસતિની બહાર જ્યાં સુધી ન જાય ત્યાં સુધી અસજ્ઝાય.

૧૯) પ્ર૦ - વસતિની શુદ્ધિ અંગે મહાત્માને પુછવા જતાં 'વસતિ શુદ્ધ છે' એમ કહે. પછી આપણે કાલગ્રહણ વગેરે લઇએ, ક્રિયા કરી, પછી મહાત્મા પડિલેહણ કરી કહે કે લોહી નીકળ્યું છે, અથવા અન્ય કારણે 'વસતિ અશુદ્ધ છે', એમ કહે તો કાલગ્રહણ વગેરે જાય ? આપણે તો તપાસ બરાબર કરી હતી.
ઉ૦ - જાય. તપાસ એકલી કામ ન લાગે. પછી પણ અસજ્ઝાય ની ખબર પડે તો જાય.

૨૦) અંતરાયમાં રહેલા સાધ્વીજી ભગવંતોને અને મુમુક્ષુ બહેનોને અલગ રૂમમાં કે પડદો કરીને જુદા બેસાડવા. પછી બાકીના સાધ્વીજી ભગવંતોને અશક્ય પરિહાર હોવાથી સ્વાધ્યાય કરાય, પરંતુ અંતરાય વાળાને તો પાઠના ઉદ્દેશથી પાઠ સાંભળવાનું કે એક પણ શબ્દ બોલવાનું કલ્પતું નથી, અને અંતરાયવાળા શ્રાવિકા બહેનો નિષ્કારણ સાધ્વીજી ભગવંતો સાથે રહે / વાતો કરે / તે યોગ્ય નથી. આ દિવસો અંદરમાં ઉતરવા માટે છે. સ્ત્રીના સ્વાભાવિક ઋતુમાં ૩ દિવસ અસજ્ઝાય. ત્યાર પછી રૂધિર દેખાય તો **इरियावही०** કરી ખમા૦ **इच्छाकारेण संदि०भगवन् रुधिर ओहडावणीयं काउस्सग्ग करुं? इच्छं रुधिर ओहडावणीयं करेमि काउ०अन्नत्थ०** એક નવકાર કાઉ૦ પારીને **नवकार** પછી અસજ્ઝાય નહિ. (ગૃહસ્થના ઘરમાં ઋતુવંતી હોય તો અસજ્ઝાય નહિ)

**૨૧) અસજ્ઝાયમાં ભણવું કે ભણાવી શકાય નહિ. પરંતુ અનુપ્રેક્ષા-ચિંતવન કરવામાં બાધ નથી.**

http://jainonlinepathshala.com/WhatsApp-Group Scanned with CamScanner